દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ.૦૧, તા. ૦૨.૦૬.૨૦૨૪

દિવ્ય ભાસ્કર
divyabhaskar.com
અમદાવાદ, રવિવાર, 2 જૂન, 2024 | 2

# અમદાવાદ ફ્રંટ પેજ



પહેલો કેબલ બ્રિજ, જેની પર મેટ્રો દોડશે, મજબૂતાઈ જોવા 65-65 ટન વજન ભરી 4 ટ્રેન 24 કલાક ઊભી રાખી

## 120 ટન વજનની 4 મેટ્રો ટ્રેન મૂકી સુઘડના નર્મદા કેનાલ બ્રિજનો લોડ ટેસ્ટ

ઓમકારસિંહ ઠાકુર, અમદાવાદ | ગાંધીનગરના સેક્ટર-1 સુધીના 16 કિલોમીટર રૂટ અને જીએનએલયુથી પીડીપીયુ થઈ ગિફ્ટ સિટી સુધીના 5 કિમી રૂટની મેટ્રો ટ્રેનની કામગીરી પૂરી થતાં ટ્રાયલ ચાલી રહી છે, જેમાં શનિવારે સુઘડમાં નર્મદા કેનાલ બ્રિજ પર કુલ 970 ટન વજન સાથે બ્રિજનો લોડ ટેસ્ટ કરાયો હતો. આ પહેલો કેબલ બ્રિજ હશે, જેની પર મેટ્રો ટ્રેન દોડશે. બ્રિજની મજબૂતાઈ તપાસવા પેસેન્જરોથી ખીચોખીચ હોય તેવી રીતે પથ્થર, માટી, સિમેન્ટ સહિતની કુલ 65 ટન વજન સામગ્રીઓ ભરેલી એક એવી ચાર ટ્રેન 24 કલાક સુધી બ્રિજ પર ઊભી રખાઈ હતી. જૂન-જુલાઈ દરમિયાન આ 21 કિલોમીટર રૂટનું કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા ટ્રેક, સિગ્નલ સિસ્ટમ, કોચ તેમ જ સ્ટેશનનું ઇન્સ્પેક્શન કરાશે, જેમાં જરૂરી સુધારાવધારા બાદ મંજૂરી મળતા આ રૂટ પર 15 ઓગસ્ટ સુધીમાં મેટ્રોનું સંચાલન શરૂ કરી દેવાશે. નર્મદા કેનાલ પર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા આ એક્સ્ટ્રાડોઝ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે.

### આ રીતે ટેસ્ટ થયો

**120** ટન એક ટ્રેનનું વજન હોય છે, દરેકમાં 65 ટન જેટલી સામગ્રી મુકાઈ

**740** ટન ચાર ટ્રેન અને સામગ્રીનું કુલ વજન હતું

**230** ટન વધારાનું વજન બ્રિજ પર મૂકી લોડ ટેસ્ટ કરાયો

**970** કુલ વજન બ્રિજ પર મૂકી લોડ ટેસ્ટ કરાયો

**100** વર્ષથી વધુ કેનાલ પર બનેલા બ્રિજનું આયુષ્ય

### બ્રિજ પર 303 મીટરનો સ્પાન તૈયાર કરાયો છે

આ એક્સ્ટ્રાડોઝ બ્રિજ પર 145 મીટર લંબાઈનું સેન્ટ્રલ સ્પાન (ગર્ડર) તેમ જ આજુબાજુના બે સ્પાન 79-79 મીટરના છે. આ બ્રિજનો સ્પાન 303 મીટર લાંબો તૈયાર કરવાની સાથે નર્મદા કેનાલમાં 6 પિલર તૈયાર કરાયા છે. પિલર પરના સ્પાનમાં 105 સેગમેન્ટ લગાવાયા છે. તેની સાથે જ બ્રિજમાં 28.1 મીટરની ઊંચાઈના 4 પાયલોન (કેબલના પિલર) તૈયાર કરાયા છે. એ જ રીતે એક પાયલોનમાં 9 કેબલ લગાવવામાં આવ્યા છે.